## ગાંધીનગર જિલ્લાના ખેલ મહાકુંભના વિજેતાઓને રોકડ પુરસ્કાર માટે ફોર્મ ભરી જવા તાકીદ

ગાંધીનગર, તા. ૯

રાજ્ય સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ, સ્પોર્ટ્સ ઑથોરીટી ઑફ ગુજરાત અને જિલ્લા વહીવટીતંત્ર, ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા તા. ૧૮ ફેબ્રુઆરી થી ૨૯ મે દરમિયાન ખેલ મહાકુંભનું આયોજન કરાયું હતું. ગાંધીનગર જિલ્લા અને ગાંધીનગર મહાનગરપાલિકાકક્ષાએ ખેલ મહાકુંભમાં વ્યક્તિગત રમત કે ટીમ રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયા હોય અને ઈનામને પાત્ર હોય એવા ખેલાડીઓએ રોકડ પુરસ્કાર માટેના ફોર્મ ન ભર્યા હોય તો ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સી-વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, ગાંધીનગર ખાતે રૂબરૂમાં રોકડ પુરસ્કારના ફોર્મ ભરીનેજમા કરાવવાના રહેશે. ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા જણાવાયું છે કે સમયમર્યાદા બાદ આવેલા ફોર્મની વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

## ગાંધીનગર જિલ્લાના અનામત કક્ષાના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ જોગ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના અનામતકક્ષાના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ આપવાની પ્રક્રિયાનો આરંભ તા.૧૩મી, જૂન,૨૦૨૨થી થશે, તેવું ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ભરત વાઢેરે જણાવ્યું છે. ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીએ વધુમાં જણાવ્યું છે કે પ્રવેશ ફોર્મનુ વિતરણ તા. ૧૩મીથી ૧૫મી જૂન, ૨૦૨૨ના રોજ સવારે ૧૦.૩૦ થી સાંજે ૫ કલાક સુધી સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭, ગાંધીનગર ખાતેથી કરવામાં આવશે. તેમજ આજ તારીખ અને સમય દરમ્યાન જ ભરેલા ફોર્મ પણ સ્વીકાર કરવામાં આવશે. તા. ૧૭-૬-૨૦૨૨ના રોજ ૧૦.૩૦ થી ૫ કલાક દરમિયાન મેરીટ યાદી જાહેર કરવામાં આવશે.

ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયા તારિખ ૨૦-૬-૨૦૨૨ના રોજ શરૂ કરવામાં આવશે.આ તારીખે એસ.સી ઉમેદવારોની પ્રવેશ પ્રક્રિયાનો સમય સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦, એસ.ટી ઉમેદવારો માટે ૧૧.૩૦ થી ૧૨.૩૦, એસ.ઈ.બી.સી. ઉમેદવાર માટે ૧૨.૩૦ થી ૧.૩૦ તથા ઈ.ડબ્લ્યુ.એસ ઉમેદવારો માટે ૨ થી ૩ કલાકના સમયમાં પ્રવેશ પ્રક્રિયાની કાર્યવાહી કરવામાં આવશે.

**ભગવાન બિરસા મુંડાની ૧૨૨મી પુણ્યતિથિ નિમિત્તે**

## બિરસા મુંડા ભવન, ગાંધીનગર ખાતે શ્રદ્ધાંજલિ સુમન અર્પણ કરાયા

ગાંધીનગર, તા. ૯

ભગવાન બિરસા મુંડાની ૧૨૨મી પુણ્યતિથી નિમિત્તે ગાંધીનગર, બિરસા મુંડા ભવન ખાતે આદિજાતિ વિકાસ કમિશ્નર દિલીપકુમાર રાણા તેમજ અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા ભગવાન બિરસા મુંડાના પ્રેરણાદાયક જીવન કાર્યોને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભારતના ક્રાંતિવીર સ્વાતંત્ર્ય સેનાની અને આદિવાસી બંધાવોના ભગવાન બિરસા મુંડાએ આદિવાસીઓને બ્રિટિશરો, શાહુકારો અને જમીનદારો દ્વારા થતાં શોષણ અને અન્યાય સામે પોતાના અધિકારની લડાઈ લડવા માટે જાગૃત કરીને તેમને સંગઠિત કર્યા અને તેમનામાં નવચેતના જગાવી હતી. બ્રીટીશરો અને આદિવાસીઓ વચ્ચે થયેલી અનેક લડાઈઓમાં ભગવાન બિરસા મુંડાએ જનનાયક તરીકેનું નેતૃત્વ પૂરું પાડયું હતું. માત્ર ૨૫ વર્ષની ઉમરમાં જ અંગ્રેજો સામેની લડત દરમિયાન તેમણે આજના જ દિવસે શહાદત વહોરી હતી.

## સાયબર જાગૃતિ માટે 'સાયબર સુરક્ષા અને અને રાષ્ટ્રીય સુરક્ષા' વિષય પર કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત પોલીસ દ્વારા સાયબર ક્રાઈમથી આઝાદી-આઝાદીનો અમૃત મહોત્સવ અંતર્ગત સાયબર અંગે લોકજાગૃતિ લાવવાના હેતુસર આવતીકાલે ગાંધીનગર ખાતે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજકુમારના અધ્યક્ષસ્થાને 'સાયબર સુરક્ષા અને અને રાષ્ટ્રીય સુરક્ષા' વિષય પર કાર્યક્રમ યોજાશે.

ડિજિટલ ક્રાંતિના યુગમાં અગ્રેસર ગુજરાતમાં સાયબર ક્રાઈમ રોકવા તથા ગુનેગારો વિરુદ્ધ ઝડપી કાનૂની કાર્યવાહી કરવાના સંકલ્પ સાથે તા.૧૦ જૂન-૨૦૨૨ના રોજ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે સવારે ૯ કલાકે યોજાનાર આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ગુજરાતના પોલીસ વડા આશિષ ભાટિયા ખાસ ઉપસ્થિત રહેશે તેમ સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેઝના પોલીસ મહાનિર્દેશક ટી.એસ. બિષ્ટની યાદીમાં જણાવાયું છે.

# મહાત્મા મંદિર ખાતેના ત્રિદિવસીય પ્રદર્શનમાં મુલાકાતીઓ માટે ઉત્સુકતાનો ખજાનો

**વિના મૂલ્યે પ્રવેશ સાથે પ્રદર્શનમાં ભારત રત્ન જેવા ચંદ્રકો, ચલણી નોટો-સિક્કાથી માંડીને જહાજો-ઉપગ્રહોના મોડેલ્સનું આકર્ષણ : ઇન્સ્ટન્ટ ફોટો અને "સ્ટિલ મેન" સાથે સેલ્ફી લેવાની તક**









ગાંધીનગર, તા.૦૯

આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણની ઉપસ્થિતિમાં "રાષ્ટ્ર નિર્માણમાં કેન્દ્રીય જાહેર સાહસો" અંગેના ત્રિદિવસીય પ્રદર્શનનો મહાત્મા મંદિર ખાતે પ્રારંભ કરાવ્યો હતો. આઝાદીના અમૃત મહોત્સવ-સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે આ પ્રદર્શન ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝિસ દ્વારા આયોજિત કરવામાં આવ્યું છે જે તા.૧૦મી જુન શુક્રવારથી તા.૧૨મી જુન સુધી જાહેર જનતા માટે ખુલ્લું મુકાશે જેમાં નાગરિકો વિના મૂલ્યે પ્રવેશ મેળવીને પ્રદર્શન નિહાળી શકશે.

મહાત્મા મંદિર ખાતેના આ પ્રદર્શનમાં નાગરિકોને રસ પડે તેવા અનેક સ્ટોલ્સ છે જેમકે એસપીએમસીએલ દ્વારા ભારતના ચલણી સિક્કા, ચલણી નોટો, યાદગાર કિસ્સામાં બહાર પાડવામાં આવેલા ખાસ સિક્કા, ભારતરત્ન સહિતના સરકાર દ્વારા આપવામાં આવતાં વિવધ ચંદ્રકો ઉપરાંત પ્રદર્શનમાં પ્રવેશતાં જ મુકવામાં આવેલું સેઈલ દ્વારા નિર્મિત "સ્ટિલ મેન"નું સ્ટેચ્યુ, બીએસએનના સ્ટોલ પરનો જુના જમાનાનો ફિંગર ડાયલિંગવાળો કાળો ટેલિફોન, ભારતના ડિફેન્સ ઈકવિપમેન્ટસ જેવાં કે હેલિકોપ્ટર, જેટ ફાઈટર પ્લેન, મિસાઈલ્સ, યુધ્ધ જહાજો, સબમરીન, માલવાહક જહાજો, ઉપગ્રહ વગેરેના મોડેલ્સનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત પ્રદર્શનમાં કોપર ઈન્ડિયા કંપની દ્વારા તાંબાના ઉત્પાદનની વિવિધ પ્રક્રિયાના તમામ સ્ટેજની નમૂના સાથેની તલસ્પર્શી માહિતી, માઈન્સ અને મિનરલ્સ દ્વારા વિવિધ ખનિજોના નમૂના સાથે તેના ઉપયોગ અંગેની માહિતી પણ ઉપલબ્ધ છે. આ સાથે મેટ્રો અને રેલવે અંગેના સ્ટોલ્સ પણ છે જેમાં રેલ્વેના સ્ટોલ પર બાળકોને ક્વિઝ રમવાની જ્યારે મહિલાઓને પાવરગ્રીડના સ્ટોલ પર ફોટો પડાવવાની અને ઓએનજીસીના સ્ટોલ પર સેલ્ફિ લેવાની મજા પડી શકે તેમ છે. ત્રણ દિવસમાં અંહી બાળકો-યુવાનો સહિત નાગરિકોને અઢળક માહિતી સાથે મનોરંજન પણ મળી શકે તેમ છે.

## યુવા જગતને ગમતી ફિલ્મો બનાવતા યુવા નિર્માતા નિલય ચોટાઈ



ગાંધીનગર, તા. ૯

ગુજરાતી ફિલ્મોની બ્લોક બ્લસ્ટર અને લોકપ્રિય ફિલ્મો ''છેલ્લો દિવસ'' અને ''કરસનદાસ પે એન્ડ યુઝ'' બાદ ''નાડી દોષ''ના નિર્માતા-દિગ્દર્શકની જોડી નિલય ચોટાઈ ને કૃષ્ણદેવ યાજ્ઞિક (કે.ડી.) હવે પછી ''વશ'' ફિલ્મ પણ સાથે જ બનાવશે.

અનંતા બિઝનેસ કોર્પોના માલિક નિલય ચોટાઈ યુવાવર્ગને કેવી ફિલ્મો ગમશે તે સારી રીતે સમજી શકે છે પોતે બિઝનેસમેન હોવાથી જોખમ પણ લઈ શકે છે અને માટે જ ''કરસનદાસ પે એન્ડ યુઝ'' જેવી એક્સપ્રીમેન્ટલ કથાનક ધરાવતી ફિલ્મ પણ કે.ડી. સાથે બનાવવા તૈયાર થઈ ગયા હતા અને જે ખુબ જ સફળ થઈ હતી. હવે પછી આવનારી ''રાડો'' ફિલ્મ એ ગુજરાતી ફિલ્મ જગતની બિગ-બજેટ ફિલ્મ બની રહી છે.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગરમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૯

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે વર્ષ-૨૦૨૨ માટે પ્રવેશ પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. આ સંસ્થા ખાતે કુલ ૨૦ કોર્ષ માટે લાયકાત મુજબ ધોરણ ૧૦ પાસ/નાપાસ ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણ કેન્દ્રીયકૃત પદ્ધતિથી હાથ ધરવામાં આવશે. પ્રવેશ માટે **itiadmission.gujarat.gov.in** પોર્ટલ પર ફોર્મ ભરવાનું રહેશે જેની છેલ્લી તારીખ ૧૫ જૂન ૨૦૨૨ છે. પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓને તેનો મહતમ લાભ લેવા આચાર્યશ્રી, ઔધોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

## આજે મોદીના હસ્તે નવસારી ખાતે નવીન સરકારી મેડિકલ કૉલેજનુ ભૂમિપૂજન

**વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા નવસારી ખાતે ૩૦૫૦ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમૂહુર્ત અને ભૂમિપુજન કરાશે : ૫૪૨.૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારી નવીન મેડિકલ કોલેજ અને હોસ્પિટલ અત્યાધુનિક માળખાકીય સુવિધાઓ અને ડિજીટલ સેવાઓથી સજ્જ હશે**

ગાંધીનગર, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૧૦મી જૂનના રોજ નવસારી ખાતે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમૂહૂર્ત અને ભૂમિપૂજન થનાર છે. પાણી પુરવઠા, આરોગ્ય સેવાઓ, માર્ગ અને મકાન, ઉર્જા અને શહેરી વિકાસ વિભાગના કુલ રૂ. ૩૦૫૦ કરોડના વિકાસ કાર્યોમાં અંદાજીત ૯૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ, ૬૫૦ કરોડના વિકાસ કાર્યોનું ખાતમૂહુર્ત અને અંદાજીત ૧૫૦૦ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન વડાપ્રધાન નરેન્દ્રભાઈના હસ્તે કરવામાં આવશે. નવસારી ખાતે અંદાજીત રૂ. ૫૪૨ કરોડના ખર્ચે નિર્માણ પામનારી સરકારી મેડિકલ કૉલેજ અને હોસ્પિટલનું પણ વડાપ્રધાન ભૂમિપૂજન કરશે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કૉલેજ કાર્યરત કરીને ઘરઆંગણે જ મેડિકલ શિક્ષણ ઉપલબ્ધ કરાવવાની નેમ વ્યક્ત કરી છે.




જેના પરિણામ સ્વરૂપ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે પણ દરેક જિલ્લામાં મેડિકલ કૉલેજ ઉપલબ્ધ કરાવીને ઘરઆંગણે જ શ્રેષ્ઠ શિક્ષણ અને ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા પ્રયત્નો હાથ ધર્યા છે. જેમાં નવસારી મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ યશ કલગી ઉમેરશે. જેના થકી દક્ષિણ ગુજરાતના નાગરિકોને સ્થાનિક સ્તરે આરોગ્યલક્ષી સેવાઓ અને સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

## લોકાર્પણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરોડના ખર્ચે તૈયાર થયા છે તેનું લોકાર્પણ કરશે.

આમ તેઓ તેમની આ મુલાકાત દરમ્યાન રૂ. ૧૯૮.૭૬ કરોડના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ગાંધીનગર શહેરના વિકાસ કામો માટે અંગત રસ દાખવી રહ્યા છે અને શહેરને ઝડપથી ગ્રીનસીટીનો દરજ્જો પાછો મળે તે માટે પ્રયત્નશીલ છે આ દિવસે તેઓ ગાંધીનગર માટે વધુ નક્કર જાહેરાતો કરે તેવી શક્યતાઓ પણ છે.

કેન્દ્રીય ગૃહમંત્રીના આ સૂચિત પ્રવાસને લઈ તંત્રમાં બેઠકોનો ધમધમાટ અને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

## ભંગાણ નિવારવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયુ છે. જેના લીધે હાલ આ લાઈનના આધારે સપ્લાય આપવામાં આવતો નથી. ત્યારે હવે તંત્ર દ્વારા શુધ્ધિકરણ પ્લાન્ટની લાઈનમાં વિવિધ ત્રણ ઠેકાણે થયેલા ભંગાણને રીપેર કરવા તેમજ ખ માર્ગ પર લાઈનને અનુલક્ષી વાલ્વનુ કામ હાથ ધરવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે. આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જો કે આ કામ પુર્ણ થતા હજુ બે મહીનાનો સમય લાગશે જયારે આ મામલે હજુ આગામી દિવસોમાં કેટલાક ઠેકાણે લાઈન બદલવાની પણ અનિવાર્યતા ઉભી થાય તેમ છે. જેથી ટુંકમાં આ અંગે પણ અભ્યાસ હાથ ધરાશે. ત્યારબાદ પ્લાન્ટ કાર્યરત થતા નગરની હરિયાળી નિખારવા માટે પાણીનો સપ્લાય પુરો પાડવામાં આવશે. હાલ સ્વર્ણિમ પાર્કમાં બોર આધારિત વ્યવસ્થાથી ઉદ્યાનમાં સપ્લાય આપવામાં આવી રહ્યો છે.

## સુવિધાનો અભાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યાસ, કીશોર જીકાદરા સુધીર દેસાઈ અને કશ્યપ મહેતા તેમજ ભાનુભાઈ દવેએ પણ ટ્રેઈન સેવાને અનુલક્ષી શહેરમાં અવરજવર કરતા રેલવેના મુસાફરોને યોગ્ય વાહન સુવિધા મળી રહે તે માટે પણ રજુઆતમાં જણાંવ્યુ છે. હાલ છેલ્લા કેટલાક સમયથી કેપિટલ સ્ટેશન પર હરિદ્વાર જવાની ટ્રેઈનમાં વિશેષ ટ્રાફિક જોવા મળે છે. મુસાફરોની સંખ્યા વધી છે. શહેરમાંથી હરિદ્વાર જતા મુસાફરોની સંખ્યા વિશેષ રહે છે જયારે આવા સંજોગોમાં પણ રેલવેના યાત્રિકોને સ્ટેશન પરથી ઘરે અગર કોઈ સેકટરમાં જવા માટે વલખા મારવા પડે છે.

## સ્ટેડિયમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટેડિયમની બેઠક વ્યવસ્થા તેમજ પાર્કીંગ સહીતની આનુસંગિક સુવિધાઓનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. જયારે ક્રીકેટ સ્ટેડિયમને નમુનારૂપ બનાવવા માટે પ્રયાસ થઈ રહ્યા છે. ત્યારે સ્થાનિક ખેલાડીઓ અને ક્રીકેટ પ્રેમીઓમાં પણ ઉત્સુકતા જોવા મળી રહી છે. અગાઉ ક્રીકેટ મેદાનની પીચ તૈયાર કરવા માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓની પણ સેન્સ લેવામાં આવી હતી. ભવિષ્યમાં આ સ્ટેડિયમમાં રણજીટ્રોફી કક્ષાની મેચ પણ રમી શકાય તે મુજબ આ સ્ટેડિયમ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. ત્યારે ક્રીકેટ મેદાનને અનુલક્ષીને પ્રેક્ષક ગેલેરી સહીત મુલાકાતીઓ માટે યોગ્ય વાહન પાર્કીંગની જગ્યા મળી રહે તે માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ માટે પાટનગર યોજના વિભાગે કોર્પોરેશનને પત્ર લખી સ્ટેડીયમની પાર્કીંગ સુવિધા માટે વધુ જગ્યા ફાળવવા માટે પણ જણાંવ્યુ છે. જો કે હજુ સ્ટેડિયમની યોજનાનુ કામ પુર્ણ થતા સમય લાગશે અગાઉ આ કામગીરી કોરોના કાળમાં વિલંબમાં પડી હતી જેના લીધે નિયત સમયમાં કામ પુર્ણ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. પરંતુ આગામી દિવસોમાં ક્રિકેટ રસિયાઓ માટે નવુ ક્રીકેટ સ્ટેડિયમ આકર્ષણનુ કેન્દ્ર બનશે.

## ટહૂકાર

● અનુસંધાન ચોથાનું ચાલુ...

પ્યારા પ્રેક્ષકોના સ્વાગતરુપે રજૂ કરેલ 'મેડલી'માં 'તુમ્હી મેરે મંદિર, તુમ્હી મેરી પૂજા, તુમ્હી દેવતા હો....' જેવા પાંચ-સાંત હિંદી ફિલ્મી ગીતો ઓસ્માનભાઈના કંઠેથી સાંભળવાની ખરેખર મજા પડી હતી.

'જહાં ડાલ ડાલ પર સોનેકી ચીડિયા કરતી બસેરા, વહ ભારત દેશ હે મેરા...' 'વંદે માતરમ્... વંદે માતરમ્....' વગેરે દેશભક્તિનાં ગીતોમાં પ્રેક્ષકોએ તાળીઓ અને સ્વરથી સાથ પૂરાવી પોતાનો દેશપ્રેમ વ્યક્ત કર્યો...

ઓસ્માન મીર પાસેથી એમના વિશિષ્ટ અંદાજમાં 'કેસરિયા બાલમ હો જી પધારો મારે દેશ રે....' અને 'હેરી સખી મંગલ ગાઓ રે.... ચોક પૂરાવો, મારી રંગાવો.... આજ મેરે પિયા ઘર આયેંગે....'

તથા 'કૈલાસ કે નિવાસી નમો બાર બાર હું....' આપ્યો શરણ તિહારે પ્રભુ તારા તાર તું... ' એ ભોળેનાથ શિવજીનું ભજન તેમ જ રાગ ભૂપાલીમાં સ્વરબદ્ધ કરેલ કવિ દાદ બાપુ રચિત 'શિવતાંડવ' સાંભળવો કંઈક અલગ જ લ્હાવો હતો. 'શિવ તાંડવ' પ્રસ્તુતિમાં તો 'ડમડમડમડમ ડમરુ બાજે' પંક્તિ પર ઓસ્માનજી કુશળ 'ઉસ્તાદ' બંને તબલાવાદકોએ તબલા પર જુસ્સાભેર અસલી 'ડમરું' બજાવીને સાંભળનારાઓને તાનમાં લાવી દીધા હતા.

પોતાના 'ઓલ ટાઈમ હીટ' બોલીવુડ નંબર અને આ કાર્યક્રમના ટાઈટલ 'મન મોર બની થનગાટ કરે... મારું મન મોર બની થનગાટ કરે...' માં તો ઓસ્માનજી મીરે મન મૂકીને સૌને 'થનગનાટ' ની અનુભૂતિ કરાવી... આ ગીતમાં તો એ પૂર્ણરુપે ના ખીલે તો જ નવાઈને !

વચ્ચે એમણે તાજેતરમાં જ અચાનક આ દુનિયામાંથી વિદાય લીધી એવા, બોલીવુડના સફળ - પ્રખ્યાત પ્લેબેંક સિંગર અને સ્ટેજ પરફોર્મર સ્વ. કે.કે.ને શ્રદ્ધાંજલિ રુપે કે.કે.નું ખૂબ જાણીતું સોંગ 'તડપ તડપ કે ઈસ દિલ સે આ નીકળતી રહી...' પણ સંભળાવ્યું....

અને છેલ્લે જયારે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની અમર રચના 'હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ' થી કાર્યક્રમનું સમાપન કર્યું ત્યારે આ સંનિષ્ઠ ને લોક લાડીલા કલાકાર હજી ગાતાં ને સરસ - મનલોભાવન ચીજો સંભળાવતાં થાક્યા ન હતા. ને 'શિવરંજની'ના મેમ્બર્સ એને માણતાં ધરાયા ન હતા... પરંતુ ઘડિયાળ કહેતી હતી : 'બસ, અબ રૂકના પડેગા!!'

ઓસ્માન મીર એટલે સૌમ્ય અને નમ્ર વ્યક્તિત્વ સાથે ઉત્તમ કલાકાર, સ્વર અને સૂર ઉપરની ગજબનાક પકડ, કંઈ કેટલાય અને સતત ચાલુ રિયાઝથી કેળવેલા સુરમધુર - બુલંદ કંઠ - ગાયિકીના સ્વામી. અને આની પ્રતીતિ તો એમને 'શિવરંજની' ના પ્રસ્તુત કાર્યક્રમમાં સતત પોણા ત્રણ - ત્રણ કલાક એકધારું પણ પૂરી તન્મયતા અને પૂરા મૂડથી અથાગ ગાઈને સૌને કરાવી હતી.

'મન મોર બની થનગાટ કરે....' કાર્યક્રમની લગભગ દરેક પ્રસ્તુતિમાં એમને સાત સૂરોને અત્યંત લાડ લડાવતા, ખરજથી લઈ તાર સપ્તક સુધીના સ્વરોના અતિ સાહિજિક, બખૂબ - ચઢાવ ઉતાર સાથે (કેટલાકને દરેક ગીતમાં આવા 'કલાસિકલ ટચ' મોનોટોની અને ખૂબ રચનાની મજામાં રસક્ષતિ જેવા કદાચ લાગ્યાં હશે....!!) સાંભળીને ઓડિયન્સ સાથે જ મંત્રમુગ્ધ થઈ જતું હતું.

વળી સમગ્ર પ્રોગ્રામ દરમિયાન એક ગીત ગાતાં ગાતાં વચ્ચે એ જ રાગ-બંદિશ આધારિત બીજાં ગીતોનાં મુખડાં - અંતરાને કૌશલ્યપૂર્વક ગૂંથી લઈને, કેટલાંય બીજાં ગીતો સાંભળવાનો આનંદ આપ્યો હતો... એ જ રીતે એમના બેંઝો - કી બોર્ડ પ્લેયર્સ પણ 'ઈન્ટરલ્યુડ'માં એ જ રાગનાં અન્ય ફિલ્મી ગીતોની તર્જો બજાવીને ઘણાં સહાબહાર ગીતોની યાદ તાજી કરાવી એક્સ્ટ્રા એન્ટરટેઈનમેન્ટ પૂરું પાડ્યું એ 'બોનસ' માં !!

વર્ષો પહેલાં આ જ ઓસ્માન મીરે 'શિવરંજની'ના ઉપક્રમે ગઝળોનો કાર્યક્રમ આપ્યો હતો ત્યારે અમે લખ્યું હતું એમ આ પ્રોગ્રામ માટે ય લખવું જ પડે છે કે 'સુવર્ણજયંતિ' વર્ષના પ્રથમ પ્રોગ્રામમાં ઓસ્માન મીર જેવા ઉત્તમ કલાકારને નિમંત્રીને 'શિવરંજની' એ સાચે જ 'મોટો મીર માર્યો' છે. આ માટે દિલથી અભિનંદન પ્રમુખ વાગ્મિનભાઈ બુચ અને અભિનંદન 'ટીમ શિવરંજની' ને.

પ્રોગ્રામ શરૂ થવામાં થયેલા ખાસ્સા વિલંબ, ગરમી અને નવી જગ્યાની અગવડોનો પ્રેક્ષકોમાં જે ઉકળાટ હતો એ ઓસ્માન મીરે રેલાયેલા મનભાવન, આહલાદક, મધુર મધુર ગીતોના આનંદથી અને સંગીતની શીતળ લહેરોથી પછી તો સાવ જ શમી ગયેલો ને સમાપને છૂટા પડતાં સૌને સ્મરણમાં હતો ફક્ત ને ફક્ત ઓસ્માન મીરના કંઠ અને એમનીઅનોખા અંદાજમાં કરાયેલી ઉત્કૃષ્ટ પ્રસ્તુતિથી હર્યોભર્યો 'શિવરંજની'નો આ પ્રતમ સુંદરતમ્ કાર્યક્રમ.

## મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાષ્ટ્રપતિ ચૂંટણીનો કાર્યક્રમ: ૧૫ જૂનના રોજ નોટિફિકેશન જાહેર થશે, નોમિનેશન માટેની અંતિમ તારીખ ૨૯ જૂન, નોમિનેશનની ચકાસણી ૩૦ જૂન, ૧૮ જુલાઈના રોજ મતદાન થશે, ૨૧ જુલાઈના રોજ મતગણતરી.

ઉમેદવાર અથવા તેના પ્રસ્તાવકો નક્કી કરેલ દિવસ ઉપર સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૩ વાગ્યા સુધી નોમિનેશન માટે અરજી કરી શકશે. ચૂંટણી પંચે કહ્યું કે, રીટર્નિંગ ઓફિસરના સુપરવિઝન હેઠળ નવી દિલ્હીમાં મતગણતરી કરવામાં આવશે. મતગણતરી પૂર્ણ થયા બાદ રીટર્નિંગ ઓફિસર દ્વારા રીટર્ન ઓફ ઈલેક્શનની જાહેરાત કરશે. આ ઉપરાંત ચૂંટણીને ઈકો-ફ્રેન્ડલી બનાવવા માટે ચૂંટણી પંચે દિશા-નિર્દેશો પણ સૂચવ્યા છે. પ્રતિબંધિત પ્લાસ્ટિક અથવા મટિરિયલનો ઉપયોગ ન કરવા તેમજ બાયોડિગ્રેડેબલ મટિરિયલ વાપરવા માટે સૂચના આપવામાં આવી છે.

રાષ્ટ્રપતિ ચૂંટણી માટે સાંસદ નવી દિલ્હીમાં સંસદ ભવનમાં વોટિંગ કરશે, જ્યારે ધારાસભ્યો પોતાની વિધાનસભામાં મતદાન કરશે. કોઈ ઈમરજન્સીની સ્થિતિમાં સાંસદ અને ધારાસભ્ય ક્યાંય પણ વોટ આપી શકશે, પણ આ માટે તેઓને ૧૦ દિવસ પહેલાં ચૂંટણી પંચને જાણ કરવી પડશે. દેશમાં તમામ ધારાસભ્યોના મતોનું મૂલ્ય ૫,૪૩,૨૩૧ છે. જ્યારે લોકસભા સાંસદોનું કુલ મૂલ્ય ૫,૪૩,૨૦૦ છે.

## ચૂંટણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. કોંગ્રેસ પાસે ૧૩ અપક્ષ, ૨ સીપીએમ અને ૨ બીટીપીધારાસભ્યો સહિત ૧૨૬ ધારાસભ્યોનું સમર્થન છે. તે જ સમયે, અપક્ષ ઉમેદવાર સુભાષ ચંદ્રા પણ ભાજપના સમર્થનથી મેદાનમાં છે. ચંદ્રાને ૧૧ મતોની જરૂર પડશે. ચંદ્રાને ભાજપના ૩૦ સરપ્લસ વોટ અને આરએલપીના ૩ ધારાસભ્યો મળી શકે છે.

હરિયાણામાં રાજ્યસભાની ૨ બેઠકો પર ચૂંટણી યોજાશે. આ જંગ માટે ૩ ઉમેદવારો મેદાનમાં છે. આ ૨ બેઠક પૈકી ૧ બેઠક ભાજપને મળવાનું નિશ્ચિત છે. જ્યારે કે બીજી બેઠક પર કોંગ્રેસના અજય માકનને ભાજપ સમર્થિત અપક્ષ ઉમેદાર કાર્તિકેય શર્મા પડકાર આપી રહ્યા છે. ૯૦ બેઠકો ધરાવતી વિધાનસભામાં એક ઉમેદવારને જીતવા માટે ૩૧ મતોની જરૂર છે. વિધાનસભામાં ભાજપના ૪૦ અને કોંગ્રસના ૩૧ ધારાસભ્યો છે. કર્ણાટકમાં રાજ્યસભાની ૪ બેઠકો પર ચૂંટણી યોજાશે. આ ૪ બેઠકો માટે ૬ ઉમેદવારો મેદાનમાં છે. રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપે ૩, કોંગ્રેસે ૨ અને જેડીએસ ૧ ઉમેદવાર ઉતાર્યા છે.

**Indian Institute of Teacher Education**
(State Public University of Government of Gujarat)
Near Mahatma Mandir, KH-Road, Sector-15,
Gandhinagar (Gujarat)-382016.

**Recruitment-2022**

IITE invites online application for various contractual Teaching and Non Teaching posts.

**Last date for online application-21/06/2022**

For Further details and apply online visit our
Website : www.iite.ac.in

Date : 8/6/2022 Registrar
Place Gandhinagar
INF/564/22-23